જુલાઈ ૦૨/૭૦૧/૧૧૪૦

**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**

**સત્સંગ શિક્ષણ પરીક્ષા**

# સત્સંગ પ્રાજ્ઞ : પ્રથમ ખંડ

## પ્રશ્નપત્ર - ૧

**સવારે ૯ થી ૧૨ ]** **રવિવાર, ૭ જુલાઈ, ૨૦૦૨** **કુલ ગુણ : ૧૦૦**

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

**('વચનામૃત'ના આધારે)**

**પ્ર. ૧. (અ) નીચેનામાંથી કોઈપણ ત્રણ સૈદ્ધાંતિક વાક્ય, દૃષ્ટાંત કે વિષય પર મુદ્દાસર નોંધ લખો.** **૨૧**

૧. અક્ષરધામ, મુક્તો અને ઐશ્વર્ય ભગવાન પોતાની સાથે આ પૃથ્વી પર લાવે છે. નિરૂપણ કરો.
૨. પોતાની સાથળનાં ચિહ્નના નિમિત્તે આત્મનિષ્ઠા અને ભક્તિનું ગૌરવ.
૩. ઊર્ધ્વરેત્તા-નૈષ્ઠિક બ્રહ્મચારી હોય ને મહાત્યાગી હોય, તો પણ તેનું કલ્યાણ થવું અતિ કઠણ છે. - સમજાવો.
૪. ગ. પ્ર. ૧૮ ના આધારે મુક્ત થવાનો ઉપાય.
૫. ભાગવત ધર્મનિષ્ઠા અને ભક્તિનિષ્ઠાની વિશેષતા - ગ. પ્ર. ૪૭.

**(બ) નીચેનાં અવતરણોની પૂર્તિ કરો અને વચનામૃતનો ક્રમાંક ટાંકો.** **૧૫**

૧. 'ભગવાનની અખંડ સ્મૃતિ ...................... તેના સ્નેહમાં ફેર છે.'
૨. 'જ્યારે કોઈ હરિભક્તનો દોષ ..................... એમ સમજીને તેનો પણ અતિશય ગુણ લેવો.'
૩. 'આવી સમજણ હોય .................... એમ સમજે.'
૪. 'એવી નિષ્ઠાવાળો જે સંત ...................... પતિત જીવનો ઉદ્ધાર થાય છે.'
૫. 'કોઈકમાં મોટી બુદ્ધિ જણાતી .............. એને જ બુદ્ધિવાળો કહીએ.'

**(ક) નીચેનામાંથી કોઈપણ એક વિષય ઉપર અભ્યાસક્રમના 'વચનામૃત'નો ક્રમાંક નોંધી બે અવતરણો લખો.** **૪**

૧. આત્મનિષ્ઠા
૨. મનુષ્યભાવ - દિવ્યભાવ



**('સ્વામીની વાતો'ના આધારે)**

**પ્ર. ૨. (અ) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** **૫**

૧. 'તીરમાં લીંબુ ખોસ્યું હોય' તે દૃષ્ટાંતનો સાર લખો.
૨. જેને ભગવાનને નિરંતર રાજી રાખવા હોય તેણે શું ન કરવું ?
૩. 'તમારે તો પૃથ્વીનું વેજું છે.' - આ વાક્યનો શો અર્થ છે ?
૪. 'મૂર્તિ પ્રમાણે મંદિર હોય' આ દૃષ્ટાંતથી સ્વામી શું કહેવા માંગે છે ?
૫. ખરેખરા સત્સંગી કેમ થવાય ?

**(બ) કૌંસમાં આપેલા વિકલ્પોમાંથી સાચો જવાબ શોધી ખાલી જગા પૂરો.** **૫**

૧. સાધુ સમાગમ વિના જ્ઞાન થાય નહીં ને જ્ઞાન થયા વિના એવો .................... જણાય નહિ. (મહિમા, નિશ્ચય, આનંદ)
૨. .................... ને માથે દૃષ્ટિ થતી નથી. (દેહાભિમાની, વિમુખ, ભૂંડા આચરણવાળો)
૩. મહારાજનો ને મોટા સાધુનો જે .................... જાણવો તે તો બહુ જ કઠણ છે. (યથાર્થ મહિમા, હૃદયગત અભિપ્રાય, જીવમાં દિવ્યભાવ)
૪. સાધુની .................... રાખતા શીખો. (આમાન્યા, ગરજ, નિષ્ઠા)
૫. એવા જે .................... જીવ છે તે ભગવાનને મનુષ્ય જેવા જાણે છે. (અજ્ઞાની, ચાંડાળ જેવા, મૂઢમતિ)

**(ક) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર વિસ્તૃત નોંધ લખો** **૧૦**

૧. ગુણાતીતાનંદ સ્વામીનો તાત્ત્વિક મહિમા.
૨. સુખિયા થવાના ઉપાયો.
૩. સત્સંગમાં કુસંગ.

**('બ્રહ્મસ્વરૂપ પ્રાગજી ભક્ત' વિસ્તૃત જીવન ચરિત્રના આધારે)**

**પ્ર. ૩. (અ) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો.** **૨૦**

૧. ભગતજી મહારાજની ઉપદેશ શૈલી અને ઉપદેશનો પ્રભાવ.
૨. 'થોરે કેળાં આવ્યાં' - ભગતજીના જીવનમાં આ વાક્યની સાર્થકતા.
૩. ભગતજી મહારાજ અને તેમના ગૃહસ્થ શિષ્યો.

**(બ) નીચેનામાંથી કોઈપણ બે વિષય પર નોંધ લખો.** **૨૦**

૧. ચૂનાની ભઠ્ઠી અને તે નિમિત્તે અપાયેલો બોધ.
૨. મોક્ષની કુંચીના વારસદાર ભગતજી મહારાજ.
૩. ભગતજી મહારાજનો ખાનદેશમાં પ્રભાવ.
૪. મહુવામાં પ્ર.૨૭ના આધારે શાસ્ત્રી યજ્ઞપુરુષદાસે સમજાવેલો ભગતજીનો મહિમા.

✿ ✿ ✿